ગાંધીનગર સમાચાર

આત્મન્ અભિવ્યક્તિ બાળ શિબિર ૧૫મીથી આરંભાશે

@ગાંધીનગર

● આર્ષ અક્ષરધામ ગાંધીનગર દ્વારા શનિવારના રોજ સાંજે ૪.૩૦ થી ૭.૩૦ કલાક દરમિયાન કૉરનરિ હાર્ટ ડિસીઝના ભયસ્થાનો અને તેના નિવારણના ઉપાયો વિષય પર ૭પમું પ્રવચન યોજાશે.

● ગુજરાત ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી દ્વારા શનિવારના રોજ સાંજે ૫.૩૦ કલાકે સેકટર-૯ જીએફએસયુ કેમ્પસ ખાતે દ્વિતીય પદવીદાન સમારોહ યોજાશે.

● શકિત મંડળ દ્વારા શનિવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકે અંબાજી મંદિર, સે-૧૪ ખાતે નિર્મળાબેન શાહના યજમાન પદે આનંદનો ગરબો યોજાશે.

● શ્રી રંગ અવધૂત પરિવાર દ્વારા રાત્રે ૮.૦૦ થી ૧૦.૦૦ કલાક દરમિયાન જીજ્ઞેશભાઈ ટાટરિયાના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૬૧, સહકાર કોલોની, સેકટર-૨૫ ખાતે મા રુકમામ્બા સમશતિ પારાયણ યોજાશે.

વાતાવરણમાં પલ્ટા બાદ શહેરમાં ગરમીનુ જોર વધ્યુ

મહત્તમ તાપમાન દોઢ ડીગ્રી વધતા નગરજનો ગરમીમાં શેકાયા

ગાંધીનગર તા ૮

શહેરમાં ગરમીના પારાની ચઢ ઉતર વચ્ચે મોસમનો મિજાજ પણ વારંવાર બદલાય છે. છેલ્લા બે દિવસથી વાદળિયા વાતાવરણ વચ્ચે ગરમીનુ જોર ઘટી ગયુ હતુ જો કે આજે મહત્તમ તાપમાન દોઢ ડીગ્રી વધતા બપોરની ગરમી આકરી બની હતી. આજે ગરમીનો પારો ૩૮ પારો ૪૦ ડી ગ્રી એ પહોંચી જતા શહેરીજનોએ આકરી ગરમીનો અહેસાસ કર્યો હતો. ગરમીનું જોર વધતા શહેરનુ જનજીવન પણ પ્રભાવિત થયું છે. ગરમીના પારાની દિવસ દરમિયાન ચઢ ઉતર વચ્ચે ગમે ત્યારે વાદળિયુ વાતાવરણ છવાઈ જતા આકાશી નઝારો બદલાઈ જાય છે. જો કે છેલ્લા બે ત્રણ દિવસથી ગરમીનુ જોર ઘટતા શહેરીજનોએ રાહત અનુભવી હતી. આકાશમાં વાદળોના ઘેરાવા વચ્ચે ગરમીનો મિજાજ પણ બદલાય છે. છેલ્લા બે દિવસથી દિવસ દરમિયાન ઉડતી ધુળની ડમરીઓના લીધે પણ નગરજનો પરેશાન થઈ ગયા છે. આજે ગરમીનો પારો દોઢ ડીગ્રી આગળ વધતા દિવસનો તાપ આકરો બન્યો હતો. આજે મહત્તમ તાપમાન ૩૮ ડીગ્રીએ રહયુ હતુ. દિવસે ગરમીનો મિજાજ ઉગ્ર બનતા રાત્રિના સમયે શહેરના માર્ગો પર વિશેષ ચહલ પહલ જોવા મળે છે.

વાતવાતમાં

● શહેરના નવા સેકટરોમાં વિજ પોલને રંગ રોગાન કરવામાં આવી રહ્યા છે. ટુંક સમયમાં નવા કલરમાં વિજપોલ દેખાશે.

● શાળા-કોલેજોમાં વેકેશન પડતા છોકરાઓ વિવિધ સ્થળો પર ક્રિકેટ રમતા નજરે પડી રહ્યા છે.

● શહેરનાસે-૧૫ ખાતે રહેતા મુન્દ્રીકા ચંદ્રશેખર યાદવનો પુત્ર દિવ્યકુમાર યાદવ ઉ.વ. ૧૬ તા. ૨૩-૩-૧૬ના રોજ ઘરેથી કહ્યા વિના કયાંક ચાલ્યા ગયેલ છે.

બાળકો સાથે બાળક થઈ જતા ''માસી''

બાળપણ એ જીવનની એવી અવસ્થા છે જે વિતી ગયા પછી સૌ કોઈને પાછી મેળવવાની ઝંખના સતત રહ્યા કરે છે. આજના ઝડપી યુગમાં જવાબદારીઓના બોજ અને હરિફાઈમાં સતત ટકી રહેવાની ચિંતામાં માણસોને માથે સમય કરતા વહેલા ''ધોળા'' આવી જાય છે. જો કે ક્યારેક જરીક જેટલો સમય મળે તો માનવીનો 'મ્હાંયલો'' બાળપણની મસ્તી માણી લેવા હરહંમેશ આતુર હોય છે. જો કે હજુ કેટલાક માણસો એવા પણ જોવા મળે છે જે હંમેશા તેમના વ્યક્તિત્વમાં ''બાળક''ને જીવતુ રાખી જાણતા હોય છે. સે. ૨૪માં રહેતા કંચનબેન નામના શેરીના ''માસી'' બાળકોમાં ખૂબ પ્રિય છે કારણ તેઓ બાળકોને અવનવી રમતો રમાડે છે જેમાં ક્રિકેટ પણ આવી જાય છે. **(તસવીર સૌજન્ય : દિપક વ્યાસ)**

તાવરિયાજી ગ્રુપ દ્વારા સંપૂર્ણ સ્વાસ્થ્ય શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૮

તાવરિયાજી ગ્રુપ દ્વારા આગામી તા. ૧૧ અને ૧૨ એપ્રિલના રોજ નિર્દિષ્ટ લયબધ્ધ શ્વસનક્રિયાથી સંપૂર્ણ સ્વાસ્થ્યની પ્રત્યક્ષ સમજ તથા નિદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સેકટર-૧૨, બલરામ ભવન ખાતે સોમવારના રોજ સાંજે ૭.૦૦ થી ૮.૩૦ કલાકે તથા મંગળવારે સવારે ૮.૦૦ થી ૯.૦૦ કલાક દરમિયાન પ્રશિક્ષક બહાદુરસિંહ સૂચરિયા દ્વારા પ્રશિક્ષણ આપવામાં આવશે. તેમજ બપોરે ૨.૦૦ કલાકે ઉદ્યોગભવન ખાતે પણ લયબધ્ધ શ્વસન ક્રિયા દ્વારા સંપૂર્ણ સ્વાસ્થ્યની પ્રત્યક્ષ સમજ અને નિદર્શન શિબિર યોજાશે.

આત્મન્ અભિવ્યકિત બાળ શિબિર ૧૫મીથી આરંભાશે

ગાંધીનગર, તા.૮

પ્રતિ વર્ષ આત્મન્ ફાઉન્ડેશન દ્વારા વેકેશનના સમયમાં બાળકો મનગમતી પ્રવૃત્તિઓ સાથે જ્ઞાન-ગમ્મત મેળવી શકે તે હેતુથી તદ્દન ખુલ્લા-કુદરતી વાતાવરણમાં બાળ શિબિરનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે વકેશન દરમિયાન આગામી તા. ૧૫, ૧૬, ૧૭ એપ્રિલ-૨૦૧૬ (શુક, શનિ, રવિ)ના રોજ ત્રણ દિવસની બાળ અભિવ્યકિત શિબિર યોજાનાર છે. શિબિરનો સમય સવારના ૯.૩૦ થી ૬.૦૦ સુધીનો રહેશે. ધો-૧ થી ૯ના વિદ્યાર્થીઓ-બાળકો આ શિબિરમાં ભાગ લઈ શકશે. શિબિરનું સ્થળ શ્રી જવાહરલાલ નહેરુ સરકારી વનૌષધિ ઉદ્યાન, સરકીટ હાઉસ પાછળ, સે-૧૯ બસ સ્ટેન્ડ પાસે, ગાંધીનગર રહેશે.

આ બાળ શિબિરમાં બાળકોને જ્ઞાન સાથે ગમ્મત આપતી વિવિધ પ્રવૃત્તિઓ જેમ કે બ્રિધિંગ એકસરસાઈઝ, બાળગીત, સંગીત, ચિત્રકામ-ક્રાફટ, નાટક-અભિનય, નૃત્ય, રમતગમત, વિજ્ઞાનના-જાદુના પ્રયોગો વાર્તા વગેરે જેવી પ્રવૃત્તિ કરાવવામાં આવશે. છેલ્લા ૨૦ વર્ષથી આ શિબિર યોજવામાં આવે છે.

શિબિરમાં ભાગ લેવા માંગતા બાળકો-વાલીઓએ ફોર્મ મેળવી તા. ૧૩-૪-૨૦૧૫ સુધીમાં ભરવાના રહેશે. બાળકો વેકેશનનો સમય પોતાની ગમતી પ્રવૃત્તઓમાં હળવાશ સાથે, વિવિધ રચનાત્મક બાબતોમાં, સહજીવનના પાઠ શીખીને માણી શકે તે હેતુથી આ શિબિર યોજવામાં આવે છે.

ફોર્મ મેળવવા માટે સુધાબેન શુકલ-૯૮૭૯૨ ૭૯૫૨૯, તુષાર દવે-૯૨૭૫૧ ૫૩૮૦૪, યોગેશભાઈ વ્યાસ-લાડલી બ્યુટી કલેકશન, ડિસ્ટ્રીકટ શોપીંગ સેન્ટર, સે-૨૧-ગાંધીનગર, સંજય થોરાત-૯૯૨૪૦ ૫૭૦૪૯, વિક્રમ જાની-૯૭૨૭૭ ૨૦૬૮૬, જયશ્રી આર. ખેતિયા-૯૩૭૪૮ ૦૫૯૪૮, સી.એલ. મહેતા-૨૩૨૨૭૯૮૬ પર સંપર્ક કરવાનો રહેશે.

ભઈજીપુરા પાટીયા પાસેથી વરલી મટકા રમાડતો એક ઝડપાયો

ગાંધીનગર, તા.૮

ઈન્ફોસીટી પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ભઈજીપુરા ગામના પાટીયા પાસે વરલી મટકાનો જુગાર રમી રમાડી રહેલો એક શખ્સ નજરે ચઢયો હતો. મેઘાણીનગરના ગુજરાત હાઉસીંગ બોર્ડમાં રહેતો રાજુ ભીખા પરમાર વરલી મટકાનો જુગાર રમાડતા ઝડપાઈ જતા તેની ધરપકડ કરી લેવામાં આવી હતી. એક મોબાઈલ તથા રોકડ રૂ. ૭૫૦ સાથે તેની ધરપકડ કરી લઈ ઈન્ફોસીટી પોલીસે ગુનો દાખલ કરી હેડ કોન્સ્ટેબલ લક્ષ્મણસિંહે વધુ તપાસ આરંભી છે.

૧૪મીએ લાઈવ ભજન સંધ્યાનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૮

થનગનાટ આર્ટ એન્ડ કલ્ચરલ ફાઉન્ડેશન અને સચિવાલય જીમખાનાના સંયુકત ઉપક્રમે આગામી તા.૧૪મી એપ્રિલના રોજ સાંજે ૬.૩૦ કલાકે લાઈવ ભજન સંધ્યા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સે-૧૬, ઘ-૫ ઓપન થીએટર ખાતે ગાયક કલાકાર અનુપ જલોટા દ્વારા ભજનની રજૂઆત કરવામાં આવશે. જીમખાનાના સભ્યોને આ કાર્યક્રમના પાસ પહોંચાડવામાં આવ્યા છે. સભ્યોને આ કાર્યક્રમમાં હાજર રહેવા જીમખાનાના માનદ મંત્રી એચ.ડી. સેઈલરે જણાવ્યું છે.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલયમાં બુક બાઈન્ડર એપ્રેન્ટીસ જોગ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર સ્થિત સરકારી મધ્યસ્થ મુદ્રણાયલમાં બુક બાઈન્ડર એપ્રેન્ટીસની છ જગા ૧ મે ૨૦૧૬ના ચાલુ થતા ભરતી પત્ર માટે ભરવાની છે. આથી સંસ્થા દ્વારા લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી છે.

લાયક ઉમેદવારો હવે ૨૫ એપ્રિલ ૨૦૧૬ સુધીમાં જરૂરી પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો સહિત વ્યવસ્થાપક સરકારી મધ્યસ્થ મુદ્રણાલય ઘ-૭ સર્કલ પાસે સેકટર-૨૯ ગાંધીનગર ૩૯૨૦૨૯ના સરનામે અરજી મોકલી આપવાની રહેશે.

બુક બાઈન્ડીંગ એપ્રેન્ટીસ માટે ધોરણ ૯ પાસ, ઉંમર ૧૪ થી ૨૮ વર્ષ તાલીમનો સમય બે વર્ષનો પહેશે. પ્રથમ વર્ષે રૂ.૫૩૫૦ અને બીજા વર્ષે રૂ. ૬૧૧૫ સ્ટાઈપેન્ડ ચુકવવામાં આવશે.

પાંચ વર્ષથી વોન્ટેડ અપહરણનો આરોપી ઝડપાયો

કોલવડાનો શખ્સ ગામની જ યુવતીને પ્રેમ જાળમાં ફસાવીને લગ્નના ઈરાદે ભગાડી ગયો હતો

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર જિલ્લાના નાસતા ફરતા આરોપીઓ પકડવા એલસીબી પીઆઈની સુચનાથી તેમની એબસ્કોન્ડર સ્કવોર્ડ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે કોલવડા ગામનો એક અપહરણકાર શખ્સ પથિકાશ્રમ પાસે આવેલો છે જેને આધારે વોચ ગોઠવીને ટીમે પાંચ વર્ષથી વોન્ટેડ આ આરોપીને પકડી પાડયો છે અને પેથાપુર પોલીસને સોંપ્યો છે.

એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની ટીમે બાતમીને આધારે પથિકાશ્રમ ખાતે વોચ ગોઠવીને છેલ્લા પાંચ વર્ષથી આઈ.પી.સી. કલમ ૩૬૩, ૩૬૬ના ગુનામાં નાસતા ફરતા કોલવડાના શખ્સ વિજયસિંહ ભરતસિંહ વાઘેલાને પકડી પાડયો છે. વર્ષ ૨૦૧૧માં કોલવડાની જ એક યુવતીને પોતાની પ્રેમજાળમાં ફસાવીને લગ્ન કરવાના ઈરાદે લઈ નાસી ગયેલ આ શખ્સ નાસતો ફરતો હતો. એલસીબીની એબસ્કોન્ડર સ્કવોર્ડે તેની ધરપકડ કરી પેથાપુર પોલીસને સોંપ્યો છે.

શહેરનો માથાભારે સુરજ પાંડે પાસામાં ધકેલાયો

એલસીબીએ કરેલી દરખાસ્ત કલેક્ટરે મંજુર કરતા તેની અટકાયત કરી વડોદરા જેલ મોકલી અપાયો

ગાંધીનગર, તા. ૮

જિલ્લામાં ગંભીર ગુનાઓમાં પકડાયેલા શખ્સો તેમજ અસામાજીક તત્વો સામે કડક કાર્યવાહી કરવા તથા પાસા હેઠળ અટકાયત કરવા ગાંધીનગર એલસીબી સક્રીય થઈ છે. ત્યારે ગાંધીનગરના સે. ૧૩માં રહેતા સુરજ પાંડે સામે સે. ૨૧ તથા ચિલોડા પોલીસ સ્ટેશનમાં ગુનાઓ પણ નોંધાયેલા હોવાથી આ માથાભારે સામે પાસાની દરખાસ્ત કરી હતી. જિલ્લા મેજીસ્ટ્રેટે દરખાસ્ત મંજૂર કરી હૂકમ કરતાં એલસીબીની ટીમે તેની પાસા હેઠળ અટકાયત કરી વડોદરા જેલ ખાતે મોકલી દેવાયો છે.

સેક્ટર-૧૩-સી પ્લોટ નં. ૧૦૯૦/૧ ખાતે રહેતા સુરજ ચંદ્રકાન્ત પાંડે વિરૂદ્ધ સેક્ટર-૨૧અને ચિલોડા પોલીસ સ્ટેશનમાં ત્રણ ગુનાઓ નોંધાયેલા છે. જેને ગંભીરતાથી લઇ એલીસીબી પીઆઇ આશુતોષ પરમારે તેની પાસા દરખાસ્ત તૈયાર કરી જિલ્લા મેજીસ્ટ્રેટ તરફ મોકલી આપી હતી. આ શખ્સ સુરજ પાંડેનો પાસા અટકાયતી હૂકમ જિલ્લા મેજીસ્ટ્રેટે કરતા એલસીબીની ટીમે ગણતરીના કલાકોમાં સુરજ પાંડેને પકડી પાડી હૂકમની બજવણી કરીને વડોદરા જેલ ખાતે મોકલી આપ્યો છે. સુરજ પાંડે સામે વિશ્વાસઘાત, છેતરપીંડી, પોલીસની ઓળખ આપીને અપહરણ, જમીનમાં પ્લોટીંગ સ્કીમ મુકી ચીટીંગ અને હથિયાર બતાવીને મારામારી જેવા ગુનાઓ નોંધાયેલા છે.

સેક્ટર-૬ શાક માર્કેટ મિત્ર મંડળ દ્વારા ચેટી ચાંદ પર્વ ઉજવાયું

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરમાં સેક્ટર-૬ ખાતે સ્થિત શાક માર્કેટમાં વેપાર કરતા નાના-મોટા વેપારીઓ-ધંધાદારીઓ દ્વારા આજે ચેટી ચાંદ પર્વની ઉજવણી સમૂહમાં કરવામાં આવી હતી.

વેપારીઓએ આ પ્રસંગે પ્રસાદનું આયોજન કર્યું હતું, જેનો લાભ તેમણે સ્થાનિક ઉપરાંત આસપાસનાં સેક્ટર્સમાં નિવાસ કરતાં નાગરિકોને આપ્યો હતો અને તેમને પર્વની શુભકામનાઓ અર્પણ કરી હતી.

વેઈટરનું રજીસ્ટ્રર ન નિભાવતી બે હોટલના સંચાલકો સામે કેસ

સેકટર-૨૧ સ્થિત ભાગ્યોદય હોટલ અને ક્રિશ્ના હોટલ ખાતે એસઓજીનો દરોડો

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર એસઓજી પી.આઈ.ની સુચનાથી તેમની ટીમે હોટલમાં નોકરી કરતા પર પ્રાંતિય વેઈટર્સ અને રસોઈયાઓનું રજીસ્ટર નિભાવણી થાય છે કે કેમ? તે સંદર્ભે વિવિધ હોટલોમાં ચેકીંગ હાથ ધર્યું છે ત્યારે આજે સે-૨૧ ડીસ્ટ્રીકટ શોપીંગ સેન્ટર હોટલ ભાગ્યોદય અને હોટલ ક્રિશ્નામાં એસઓજીની ટીમે દરોડો પાડયો હતો. બંને હોટલમાં જિલ્લા કલેકટરના જાહેરનામા મુજબ વેઈટર્સની ડીટેઈલ વાળુ રજીસ્ટર નિભાવવામાં ન આવતું હોવાનું ધ્યાને આવતા બંને હોટલના સંચાલકો સામે ગુનો દાખલ કર્યો છે. હોટલ ક્રિશ્નાના નથુરામ હિન્દુરામ મેઘવાલ તથા હોટલ ભાગ્યોદયના અબ્દુલ રહેમાન રસુલભાઈ રામસદા સામે કલમ ૧૮૮ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગર તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળનું દ્વિવાર્ષિક અધિવેશન યોજાશે

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળ દ્વારા આગામી તા. ૧૦મી એપ્રિલને રવિવારના રોજ સવારે ૯.૦૦ કલાકે સેકટર-૧૩, ચાણકય ભવન ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક સંઘ ખાતે મંડળનો દ્વિવાર્ષિક અધિવેશન અને ૭૦ વર્ષના વયસ્કોના સન્માન સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે આ કાર્યક્રમના પ્રારંભે ગાંધીનગર હિસાબ અને તિજોરી નિયામક એન.આઈ. પટેલ દ્વારા દીપ પ્રાગટય કરવામાં આવશે તથા આ પ્રસંગે ગાંધીનગરના રાષ્ટ્રીય કથાકાર કન્હૈયાલાલજી મહારાજ આશીર્વચન પાઠવશે. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ધારાસભ્ય અશોકભાઈ પટેલ અને શંભુજી ઠાકોર, માતૃવંદના ગૃપના તંત્રી એન.ડી. ચૌધરી, જિલ્લા તિજોરી અધિકારી હેતલબેન ત્રિવેદી, જિલ્લા અધિક તિજોરી અધિકારી પ્રમોદભાઈ પટેલ, ગુજરાત સ્ટેટ પેન્શન ફેડરેશનના કન્વીનર મણીભાઈ સુથાર, ગુજરાત રાજય પ્રા. શિ. સંઘના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજા, જિલ્લા નિવૃત્ત કર્મચારી મંડળના પ્રમુખ કે.બી. વ્યાસ તેમજ તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળના પ્રમુખ ચેલાભાઈ પટેલ, મહામંત્રી ડાહ્યાભાઈ રાવળ સહિતના તમામ કારોબારી સભ્યો હાજર રહેશે.

તાજેતરમાં ગુજરાત સ્ટેટ ફીશરીસ ડિપાર્ટમેન્ટની સામાન્ય સભા ગાંધીનગર ખાતે યોજાઈ હતી. જેમાં ૨૦૧૬-૧૭ના વર્ષ માટે હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી.ડિપાર્ટમેન્ટના પ્રમુખ તરીકે પ્રદ્યુમનસિંહ વાઘેલા, ઉપપ્રમુખ તરીકે એમ.જી. મકવાણા અને એન.એફ. પટેલ, સંગઠન મંત્રી તરીકે એમ.કે.ચૌધરી, મંત્રી પદે એ.એમ. પટેલ, ખજાનચી પદે એલ.એ. વાદુકર, સહમંત્રી પદે આર.બી. બાજપાઈ તેમજ કારોબારી સભ્યો માટે એન.કે. દવે, કે.આર. પટની, ડી.આઈ. સુથરીયા અને બી.એમ. કટારા સહિતના સભ્યોની સર્વાનુમતે વરણી કરાઈ હતી.

સિવિલમાં તાત્કાલિક વિભાગમાં કોઈ સહાય કરો

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આવેલા તાત્કાલીક વિભાગમાં છેલ્લા અઠવાડીયામાં સ્ટાફ અને દર્દીના સગા વચ્ચે ઝઘડાના ૩ જેટલા બનાવો બનવા પામ્યા છે. વિવિધ સમસ્યાઓથી પિડાતા તાત્કાલીક વોર્ડમાં સ્ટાફ પણ ગમે તેમ બોલીને દર્દીના સગાઓનું અપમાન કરતા અચકાતા નથી. તાત્કાલીક વિભાગમાં ની માથાકુટમાં કોઈ સિવિલ સતાધિશ સહાય કરે તેવી સમસ્યા ઉદ્ભવી છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના તાત્કાલિક વિભાગમાં દર્દીઓ અને સગાઓને છેલ્લા કેટલાય સમયથી ભારે મુસીબતનો સામનો કરવો પડી રહ્યો છે. દર્દી ગંભીર હોય તેમજ રોગથી પિડાતુ હોય, અકસ્માતમાં ઈજા પહોંચી હોય અને દર્દ સહન ના થતુ હોય ત્યારે સારવાર માટે આવે છે. ત્યારે દર્દી તાત્કાલીક વિભાગમાં આવે ત્યારથી સમસ્યા શરુ થઈ જાય છે દર્દીને વોર્ડમાં લાવવા માટે એક તો સ્ટ્રેચર અને વ્હીલચેરની ઉણપ હોય છે છતા ગમે તેમ કરીને દર્દીને પલંગ પર લાવવામાં આવ્યા પછી સ્ટાફના માણસો સારવારમાં વિલંબ કરે છે તેવી અનેક ફરિયાદો દર્દીના સ્વજનો કરી રહ્યા છે. દર્દથી કણસતુ દર્દી રાળારાળ કરે તો પણ તેની બુમ સાંભળનાર કોઈ નથી તેવો અહેસાસ દર્દીઓ કરી રહ્યા છે કારણ કે સરકારી સિવિલ છે એટલે...? સિવિલના સતાધિશો પણ વોર્ડની કોઈ પણ સમસ્યાનું નિરાકરણ લાવતા નથી તેવું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. પેશન્ટને ગાંધીનગરથી અમદાવાદ ટ્રાન્સફર કરવામાં આવે તો એમ્બ્યુલન્સ ના હોય અને એમ્બ્યુલન્સ હોય તો ડ્રાયવર ના હોય અને દર્દી કલાકો સુધી પડ્યુ રહે છે. તાત્કાલીક વિભાગમાં ફોન બંધ છે, પંખા બંધ છે કોઈ પણ અંદરના સ્ટાફ કે અન્ય કોઈ વ્યકિતને બોલાવવી હોય તો સ્ટાફના માણસોને જે તે સ્થળે જવુ પડે છે. જેને પરિણામે પણ સ્ટાફ અને દર્દીના સગા વચ્ચે રકઝક થવા પામે છે. તાત્કાલીક વિભાગ હોવા છતા આઉટસોસીગના કર્મચારીઓ હાજર રહેતા નથી. વિવિધ સમસ્યાઓથી પિડાઈ રહેલા તાત્કાલીક વિભાગમાં કોઈ સિવિલ સતાધિશ અંગત રસ દાખવી ને નિરાકરણ લાવે તેવું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

બોરીજ પ્રાથમિક શાળાને વોટર પ્યુરીફાયરનું દાન

ગાંધીનગર, તા.૮

બોરીજ સરકારી પ્રાથમિક શાળાને બીટીઆઈ નેનોટેક યુએસએ સંસ્થા તેમજ અમદાવાદની જાણિતી એનિમેશન સંસ્થાના સત્યમભાઈના હસ્તે વોટર ઈલેકટ્રોસીસ પ્યુરીફાયરનું દાન મળ્યું છે. આ દાન પ્રાપ્ત થવા બદલ બોરીજ સરકારી પ્રાથમિક શાળા પરીવાર તેમજ બોરીજ ગ્રામજનો દ્વારા તેમના પ્રતિ આભારની લાગણી વ્યકત કરવામાં આવી છે.

ચિરવિદાય

● સ્વ. દિલસુખરાય હરીરામ નિમ્બાર્ક, ઉ.વ. ૭૮

● સ્વ. બાપીજી ફોજાજી વણઝારા, ઉ.વ. ૪૫